# પરંપરા

-- વિનોદ આર. પટેલ

શિકાગોના શિયાળાની સીસકારા બોલાવે એવી ઠંડીના દિવસની સાંજ પડવા આવી છે અને આછા અંધકારમાં ઝરમર વરસાદના છાંટા પણ પડી રહ્યા છે. આવા સમયે એક યુવાન જલ્દી પોતાના ઘેર પહોંચી જવા હાઈવે પર પોતાની કારની ઝડપ વધારી રહ્યો છે. એવામાં એની નજર રોડની બાજુમાં બંધ પડેલી હાલતમાં એક મર્સીડીઝ કાર અને એની બહાર આવીને ઊભેલી એક વૃધ્ધ સ્ત્રીને જુએ છે. આ વૃધ્ધા ઠંડી અને વરસાદમાં ધ્રૂજી રહી છે. યુવાનને તુરતજ ખ્યાલ આવી ગયો કે એને મદદની જરૂર જણાય છે. યુવાને આગળ નીકળી ગયેલી પોતાની કારને થોડી પાછી લીધી અને વૃધ્ધાની નજીક ગયો. સુખી ઘરની જણાતી વૃધ્ધાના મુખ ઉપર આછું સ્મિત છવાયું એમ છતાં યુવાનને લાગ્યું કે એના મનમાં થોડો ડર પણ હતો. છેલ્લા એકાદ કલાકથી એ આવી સ્થિતિમાં ત્યાં ઊભી હતી અને ગાડીઓને સડસડાટ પસાર થતી જોઈ રહી હતી પરંતુ સાંજના સમયે કોઈએ એની સામે જોવાની પણ દરકાર કરી ન હતી; એટલે વૃધ્ધાને ઊંડો ડર હતો કે વસ્ત્રોથી ગરીબ દિદારનો જણાતો આ યુવાન મારીને લૂંટી તો નહીં લે ને ? યુવાનને તુરત ખ્યાલ આવી ગયો કે વૃધ્ધાના મનમાં શું ચાલી રહ્યું છે. વૃધ્ધાને ઉદ્દેશી એણે કહ્યું, "મેડમ, જરાએ ગભરાશો નહીં. મારું નામ રોબીન છે અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરું છું. તમને આ હાલતમાં ઊભેલા જોઈ તમને મદદ કરવા આવ્યો છું. તમે એમ કરો, જલ્દી આવી ઠંડીમાં તમારી ગાડીમાં બેસી જાઓ, ત્યાં તમને થોડી હૂંફ મળશે." યુવાને જોયું કે વૃધ્ધાની કારના ટાયરમાં પંકચર છે, અને ટાયર બદલ્યા વિના ગાડી આગળ જઈ શકે એમ નથી. એક વૃધ્ધા માટે ટાયર બદલવાનું કામ મુશ્કેલ હોય એ સ્વાભાવિક છે. યુવાન રોબીને વૃધ્ધાની મર્સીડીઝ કારના ટ્રંકમાંથી જેક બહાર કાઢી એને બરાબર ગોઠવવા ગાડી નીચે સરકયો અને એમ કરતાં એનો ઘૂંટણ થોડો છોલાયો પણ ખરો; પરંતુ થોડી મહેનત પછી એણે ટાયર બદલી નાખ્યું. વૃધ્ધાએ પોતાની ગાડીનો કાચ નીચે ઉતારી રોબીનને ઉદ્દેશી કહ્યું, "રોબીન દીકરા, તારો ઘણો આભાર, જો તેં તારી ગાડી ઊભી રાખી મને મદદ ન કરી હોત તો આવા અંધારામાં રાતમાં મારી શી દશા થઈ હોત !" વૃધ્ધાએ યુવાનને એણે કરેલા કામના બદલામાં પૈસા આપવાની ઓફર કરી જેને યુવાને નમ્રતાથી ના પાડી અને વૃધ્ધાને કહ્યું "તમારા જેવા વૃધ્ધજનોને મુશ્કેલીમાં મદદ કરવી એ તો મારી ફરજ છે. પૈસાની લાલચે નહીં પરંતુ તમને મદદ કરવાના આશયથી ગાડી થંભાવીને તમારી પાસે આવ્યો હતો. હું એક સામાન્ય મધ્યમવર્ગના કુટુંબમાંથી આવું છું અને મદદ કરી છે અને તેનો બદલો હું બીજા લોકો જેઓને મદદની જરૂર હોય તેને મદદ પહોંચાડીને વાળું છું. તમે મને જો કંઈક આપવા જ માગતા હો તો હું એ માગું છું કે જયારે પણ તમોને કોઈપણ વ્યક્તિને જોઈને એમ લાગે કે એને મદદની ખાસ જરૂર છે ત્યારે એવા સમયે મને યાદ કરીને એવી જરૂરીયાતમંદ વ્યક્તિને થાય એ મદદ પહોંચાડજો." વૃધ્ધાએ પોતાની કાર ચાલુ કરી મુખ પર સંતોષ સાથે હાથ ઊંચો કરી યુવાનની વિદાય લીધી અને યુવાન રોબીન પણ પોતાની ગાડીમાં બેસી થાકને ભૂલીને એક સદ્‌કાર્ય બજાવ્યાના આનંદને મુખ પર છલકાવતો સીટી વગાડતો પોતાની કારને હાઈવે ઉપર ચલાવી રહ્યો.

યુવાનથી છૂટા પડી વૃધ્ધા પોતાની ગાડી હાઈવે પર ચલાવી રહી હતી ત્યાં થોડા માઈલો ગયા પછી એણે રોડની બાજુમાં એક નાની રેસ્ટોરન્ટ જોઈને ગાડીને બાજુ પર લીધી. પોતાને ઘેર પહોંચતા થોડી વાર થાય એમ હતી અને શરીર ઠંડીમાં જકડાઈ ગયું હતું એટલે ગરમ કોફી પીવા અને થોડો નાસ્તો કરી ક્ષુધાતૃપ્તિ કરવા માટે

ગાડી પાર્ક કરી એ રેસ્ટોરન્ટમાં દાખલ થઈ. આ જૂની જણાતી રેસ્ટોરન્ટમાં બહુ ઘરાકી જણાતી ન હતી. વૃધ્ધાને ટેબલ ઉપર બેઠેલી જોઈ રેસ્ટોરન્ટની વેઈટ્રેસ લ્યુસી એની નજીક ગઈ ને વાળ કોરા કરવા માટે વૃધ્ધા માટે કોરો ટુવાલ લઈ આવી. યુવાન લ્યુસીના મુખ પર આખો દિવસ ઊભા પગે કામ કર્યા પછી પણ થાકને ભૂલીને સ્મિત રમી રહ્યું હતું. વૃધ્ધાની અનુભવી નજરે જોઈ લીધું કે બાઈ પુરા મહિને છે અને એકાદ મહિના પછી મા બનવાની હોય એમ જણાય છે. વૃધ્ધાને નવાઈ લાગી કે આવી સ્થિતિમાં આ બાઈ રેસ્ટોરન્ટનું શ્રમભર્યું કામ કેવી રીતે કરી શકતી હશે. જરૂર એવી કોઈ મજબૂરી હશે, તો જ આવી શારીરિક પરિસ્થિતિમાં પણ કામ કરવાની એને ફરજ પડતી હશે. આ નોકર બાઈ લ્યુસીનો સ્મિત ભર્યો ચહેરો, સુંદર રીતભાત અને ગરીબ દેખાવ આ વૃધ્ધાને અસર કરી ગયાં. ત્યાં જ આ વૃધ્ધાને પેલા યુવાન રોબીને છૂટા પડતાં કહેલા શબ્દો યાદ આવ્યા. વૃધ્ધાએ કોફી અને ખાવાનું પૂરું કર્યુ અને નોકરબાઈ લ્યુસી વૃધ્ધાએ આપેલ સો ડોલરની નોટ લઈ ફ્રન્ટ ડેસ્ક ઉપર છૂટા લેવા માટે ગઈ તે દરમ્યાન ટેબલ ઉપર પડેલ પેપર નેપકીન ઉપર કંઈક લખીને આ વૃધ્ધા આસ્તેથી રેસ્ટોરન્ટની બહાર આવી પોતાની ગાડીમાં બેસી રવાના થઈ ગઈ. પેલી વેઈટ્રેસ બાઈ છૂટા પૈસા લઈને વૃધ્ધાના ટેબલ ઉપર આવી ત્યારે એને ન જોઈને નવાઈ લાગી કે એટલી વારમાં એ કયાં ગઈ હશે ? ટેબલ ઉપર પડેલ કાગળ નેપકીન ઉપર નજર કરી તો કંઈક લખેલું જોયું. જોવા માટે નેપકીન ઊંચકયો તો નેપકીનની ગડમાં ૧૦૦ ડોલરની ચાર નોટો વૃધ્ધાએ મૂકેલી એણે જોઈ. નોકરબાઈ લ્યુસીની આખમાં આસું ધસી આવ્યાં. આવડી મોટી રકમની ટીપ હજુ સુધી કોઈએ આપી ન હતી ! નેપકીન ઉપર વૃધ્ધાએ લખેલ આ શબ્દો એણે વાંચ્યા "તારી પાસેથી કંઈક પાછું મારે લેવાનું નથી; એને તું મારી નાની મદદ તરીકે ગણજે. તારી માફક મને પણ મદદની ખૂબ જરૂર હતી ત્યારે થોડા સમય પહેલાં જ એક યુવાન રોબીન મારી મદદે આવ્યો હતો અને મને કહ્યું હતું કે એના કામના બદલામાં જે કોઈ વ્યક્તિને મદદની ખૂબ જરૂર હોય એને મદદ કરજે. એટલે તારે પણ મને જો કંઈ આપવું હોય તો તું એટલું કરજે કે આ કરુણા, પ્રેમ અને પરોપકારની માળામાં મણકા પરોવવાની આ પરંપરા તારાથી અટકાવી ન દઈશ પણ આગળ ચાલુ રાખજે."

એ રાત્રે રેસ્ટોરન્ટમાં પોતાનું કામ પતાવી સમય પુરો થતાં લ્યુસી જયારે ઘેર જઈ પથારીમાં થાક ઉતારવા આડી પડી ત્યારે એના મનમાં વૃધ્ધાએ આપેલ ૪૦૦ ડોલરની નોટો અને નેપકીન ઉપર લખેલા વૃધ્ધાના પેલા શબ્દો રમી રહ્યા હતા. નવાઈ એને એ વાતની લાગી કે પેલી વૃધ્ધાને કેવી રીતે ખબર પડી કે તેની હાલની પરિસ્થિતિમાં એને અને થોડા સમય પહેલાં જ નોકરી છુટી જતાં બેકાર થયેલ પતિને પૈસાની કેટલી બધી જરૂર હતી. જમવાનું પતાવીને રાત્રે સૂતી વખતે પથારીમાં એની બાજુમાં સુતેલ એનો પતિ લ્યુસીને કહી રહ્યો હતો "એક મહિના પછી તો તને ડીલીવરી માટે હોસ્પીટલમાં લઈ જવી પડશે તે વખતે પૈસાની કોઈ સગવડ વિના જરૂર મુશ્કેલી પડવાની છે. આપણી પાસે એવી કોઈ બચત પણ નથી, પૈસા કયાંથી લાવીશું ?" ત્યારે લ્યુસીએ પતિને વહાલથી એના ગાલ ઉપર હળવી ચૂમી ભરી ધીમા અવાજે કહ્યું, "વ્હાલા, તું ચિંતા ન કરીશ, સૌ સારા વાનાં થઈ રહેશે. ભગવાન બધું સંભાળી લેશે." એ વખતે એણે ડોસીની મદદની વાત પતિને કહેવાનું મૂલતવી રાખ્યું અને થાકી પાકી ઊંઘથી એની આંખો ઘેરાઈ રહી હતી ત્યારે એ પેલા યુવાન રોબીનને યાદ કરતી મનમાં બબડી રહી. "થેન્કયુ રોબીન.." અને પછી લ્યુસીની ચિંતામુકત આંખો ઊંઘથી બિડાઈ ગઈ.

Vinod Patel